         

# પુરોહિતદીક્ષાની રજતજયંતી

૨૭મી જાન્યુઆરી, ૨૦૧૯ ના રોજ ઢળતી સંધ્યાએ, અનાથોની માતાના તીર્થધામ ખંભોળજમાં અમદાવાદ ધર્મપ્રાંતના દસ ધર્મપ્રાંતીય પુરોહિતગણે પુરોહિતદીક્ષાની રજતજયંતીની શાનદાર ઉજવણી કરી, જેમાં મહાધર્માધ્યક્ષ થોમસ મેકવાન, ધર્માધ્યક્ષશ્રી રત્નાસ્વામી, ગુજરાત ઈસુસંઘના પ્રાન્તાધ્યક્ષ ફાધર ફ્રાન્સિસ પરમાર, દસેય પુરોહિતગણનાં સ્વજનો, આમંત્રિત મિત્રો ઉપસ્થિત રહ્યાં હતાં. ઉજવણીના આરંભે રજતજયંતી વિજેતા પુરોહિતગણ તથા આમંત્રિત મહેમાનો સરઘસમાં તીર્થધામથી દેવાલય સુધી પહોંચ્યા હતાં જ્યાં ભારતીય સંસ્કૃતિ પ્રમાણે તિલક કરી તેમનું સ્વાગત કર્યું હતું. ખ્રિસ્તયજ્ઞમાં મહાધર્માધ્યક્ષશ્રી, ધર્માધ્યક્ષશ્રી, પ્રાન્તાધ્યક્ષશ્રી, 'પુરોહિતગણ જોડાયા હતા. આ પ્રસંગે સર્વ વતી મોન્સીગ્નોર વી.જી. દાસે, પુરોહિતદીક્ષાની રજતજયંતીની ઉજવણી શા માટે કરવી જોઈએ ?' પ્રશ્નનો મનનીય સંદેશ આપ્યો હતો. ખ્રિસ્તયજ્ઞ બાદ સત્કાર સમારંભમાં રજતજયંતી વિજેતા પુરોહિતગણનું શ્રદ્ધાળુઓ તથા સ્વજનો તરફથી શાલ-પુષ્પમાળા અર્પણ કરી સન્માન કર્યું હતું. મહાધર્માધ્યક્ષશ્રીએ 'ખ્રિસ્ત જેવા બનવા' તથા ધર્માધ્યક્ષશ્રીએ 'ખ્રિસ્તનું અનુકરણ કરવા' સંદેશ આપ્યો હતો અને શુભેચ્છા પાઠવી હતી. આ પ્રસંગે આ પુરોહિતગણનો સામાન્ય પરિચય કેળવીએ અને પ્રાર્થના કરીએ.

૧. મૂળ વસઈના ફાધર પીટર લોપસે ૨૦ નવેમ્બર, ૧૯૯૩માં પુરોહિતદીક્ષા ગ્રહણ કરી હતી. ઉમરેઠ, મહેમદાવાદ, બાલાસિનોર, સાણંદ, કોઠ ધર્મવિભાગમાં સભાયાજ્ઞિક તરીકે સેવા આપી હાલમાં તેઓશ્રી આમોદમાં સેવારત છે.

૨. મૂળ તમિલનાડુના ફાધર લુકાસ સવરી મુત્તુંએ એપ્રિલ ૧૯૯૪માં પુરોહિતદીક્ષા ગ્રહણ કરી હતી અને ત્યારબાદ ઠાસરા, ખંભોળજ, પેટલાદ અને મિરઝાપુર-અમદાવાદમાં મદદનીશ સભાયાજ્ઞિક અને લીમડાપુરા, માતર, મિશન રોડ-નડિયાદમાં સભાયાજ્ઞિક તરીકે સેવા આપી હાલમાં બોરસદ ખાતે સભાયાજ્ઞિક તરીકે કાર્યરત છે.

૩. મૂળ કર્ણાટકના ફાધર મેરી જોસફે સિવિલ તથા કેનન લૉમાં માસ્ટર ડિગ્રી મેળવી, પુરોહિતદીક્ષા બાદ વટવા, સલુણમાં સેવા આપી હાલમાં કરમસદમાં સભાયાજ્ઞિક તરીકે સેવા આપે છે. ઈન્ટર ડાયોસીસન મેરેજ ટ્રિબ્યુનલમાં ૨૦૦૯થી સેવા આપે છે.

૪. મૂળ તમિલનાડુના ફાધર અરુલાનંદમ્ અલંગારૂપે એપ્રિલ-૨૦૦૪ માં પુરોહિતદીક્ષા ગ્રહણ કરી હતી. આમોદથી શરૂ કરી ડીસા, ભિલેશ્વરપુરામાં સેવા આપી, હાલમાં હિંમતનગરમાં સેવા આપે છે.

૫. મોન્સીગ્નોર વી.જી.દાસે મે-૧૯૯૪ માં પુરોહિત દીક્ષા ગ્રહણ કરી પેટલાદ ખાતે મદદનીશ સભાપુરોહિત તરીકે સેવાકાર્યનો આરંભ કર્યો. ૧૯૯૬-૯૮ સુધી ગુડ શેફર્ડ સેમિનરીના વાઈસ રેક્ટર તરીકે કાર્યભાર સંભાળી બાદમાં બેન્ગલુરુ ખાતે ધર્મકાનૂનનો અભ્યાસ કર્યો અને ૨૦૦૦ થી બે વર્ષ માટે ધર્મપ્રાન્તીય અદાલત નડિયાદમાં ન્યાયાધીશ તરીકે સેવા આપી. ધર્મપ્રાંતીય પુરોહિતપદના ઉમેદવારોના નિયામક અને હાકલ પ્રવર્તક તરીકે પણ તેમણે સેવા આપી હતી. ૨૦૦૨-૦૫ સુધી નડિયાદ ખાતે ગાંધીનગર આંતર ધર્મપ્રાંતીય લગ્ન અદાલતના જુડિશિયલ વિકર અને ડાયોસીસન ફેમિલી કમિશનના ડાયરેક્ટર તરીકે સેવા આપ્યા બાદ જીસસનગર-ચાવડાપુરા ધર્મવિભાગમાં યાજ્ઞિક તરીકે સેવા આપી. ૨૦૦૫-૦૮ ઈટાલીના વેનિસ ખાતે ધર્મકાનૂન અને ૨૦૦૮-૧૧ રોમ ખાતે લેટરન યુનિ.માં વિદ્યાવાચસ્પતિ(પીએચડી) નો અભ્યાસ કરી, ફરી એકવાર નડિયાદ ખાતે જ્યુડિશિયન વિકર અને ગુજરાત વિદ્યાદીપ-સેવાસીમાં ધર્મકાનૂન અને પુરોહિત પરિષદના સભ્ય તરીકે કાર્યભાર સંભાળ્યો. ૨૦૧૨માં પવિત્ર-કુટુંબ દેવાલય -ગોમતીપુર, અમદાવાદમાં સભાપુરોહિત તરીકે સેવાનો આરંભ કર્યા બાદ થોડા જ વખતમાં વેટિકન ખાતે શ્રદ્ધા સિદ્ધાંત માટેના મહામંડળના ઓફિશિયલ તરીકે તેમની પસંદગી થઈ જ્યાં હાલમાં પણ તેઓ કાર્યરત છે. ૧૬ નવેમ્બર, ૨૦૧૫માં વડાધર્મગુરુ ફ્રાન્સિસે તેઓશ્રીને મોન્સીગ્નોર પદવી એનાયત કરી છે, જે આપણા સૌ માટે ગૌરવનું કારણ છે.

૬. મૂળ તમિલનાડુના ફાધર ફ્રાન્સિસ કે. એ એપ્રિલ - ૧૯૯૪ માં પુરોહિતદીક્ષા ગ્રહણ કરી બાલાસિનોર અને પેટલાદમાં મદદનીશ સભાપુરોહિત અને ત્યારબાદ ઉમરેઠ, ઠાસરા, રાજકોટ, મિરઝાપુર - અમદાવાદમાં સભા પુરોહિત તરીકે સેવા આપ્યા બાદ હાલમાં રામોલ-અમદાવાદ ખાતે સેવા આપે છે.

૭. મૂળ તમિલનાડુના ફાધર લોરેન્સ એ.ની પુરોહિત દીક્ષા એપ્રિલ-૧૯૯૪ માં થઈ હતી. ત્યારબાદ મણિનગર, લીમડાપુરા ખાતે સભાપુરોહિત તરીકે સેવા આપ્યા બાદ હાલમાં ખંભોળજ તરીકે સેવારત છે. તેઓશ્રીએ ૧૯૯૯-૦૧ બેન્ગલુરુ ખાતે એમ.ટી.એચ. અને ૨૦૦૪-૦૮ સુધી ઓસ્ટ્રિયા ઈન્સ્બ્રુક ખાતેથી એન.ડી.નો અભ્યાસ કર્યો હતો. ૨૦૦૮-૧૮ સુધી પાસ્ટર સેન્ટર નડિયાદના ડાયરેક્ટર તરીકેની તેમની સેવાઓ જાણીતી છે.

૮. મૂળ તમિલનાડુના વતની ફાધર સેવરીનરાજે ૧૯૯૪ માં પુરોહિતદીક્ષા ગ્રહણ કરી. એજ્યુકેશનમાં તેમણે પી.એચ.ડી.ની ઉપાધિ મેળવી છે. સેવા વિદ્યાલય-પાલૈયા તથા લુસડિયા હાઈસ્કૂલ - નાના કંથારિયામાં આચાર્ય તરીકે સેવા આપ્યા બાદ ૨૦૦૭-૦૮ અને ૨૦૧૩-૧૮ ખેરાલુ ખાતે સભાપુરોહિત તરીકે સેવા આપી છે. ૨૦૦૮-૧૦ સુધી હેમચંદ્રાચાર્ય યુનિ. પાટણમાં લેક્ચરર અને ૨૦૧૦-૧૩ આર્ચ ડાયોસીસ આઉક-ફ્રાન્સમાં તેમણે સેવા આપી છે.

૯. મૂળ તમિલનાડુના વતની ફાધર ઝેવિયર અમલનાથમે મે-૧૯૯૪ માં પુરોહિતદીક્ષા ગ્રહણ કરી લુસડિયા, જીટોડિયા-ચાવડાપુરા અને પેટલાદ ખાતે આચાર્ય તરીકે કાર્યભાર સંભાળી હાલમાં સેન્ટ ઝેવિયર્સ હાઈસ્કૂલ-મહેમદાવાદમાં આચાર્ય તરીકે સેવા આપે છે.

૧૦. મૂળ તમિલનાડુના ફાધર એલેક્ષ ક્લેમેન્ટે એપ્રિલ - ૧૯૯૪ માં પુરોહિત દીક્ષાગ્રહણ કરી સાણંદમાં સેવા શરૂ કરી, ૧૯૯૫-૯૭ આર્ચબિશપ સ્ટેનીના સેક્રેટરી તરીકે સેવા આપી છે. ૧૯૯૮ માં સેન્ટ જોસફ સેમિનરી-અમદાવાદમાં રેક્ટર તરીકે સેવા આપ્યા બાદ પૂણેમાં એન.વી.એલ.સી. ખાતે સેવા આપી. ત્યારબાદ ૨૦૦૩-૧૨ સુધી ન્યુયોર્ક-અમેરિકા ખાતે મદદનીશ સભાપુરોહિત તરીકે સેવા આપતાં પી.એચ.ડી.નો અભ્યાસ પૂર્ણ કર્યો. ૨૦૧૨-૧૭ ફરી એકવાર પૂણેમાં પ્રાધ્યાપક તરીકે કામગીરી કર્યા બાદ હાલમાં ગૌધલોપે માતા મરિયમ આધ્યાત્મિક કેન્દ્ર-ખડવત-ગુજરાત ખાતે નિયામક તરીકે સેવારત છે.

ખંભોળજના આંગણે પ્રથમવાર આ પ્રકારની ઉજવણી થઈ જેનું આયોજન મહિનાઓથી, સભાયાજ્ઞિક ફાધર લોરેન્સ એ.ના માર્ગદર્શનમાં કરવામાં આવ્યું હતું. 'પ્રેષિતોનાં રાણી' સાધ્વીસંઘનાં બહેનો, ધર્મસેવા સમિતિ તથા સોસાયટી ઓફ સેન્ટ વિન્સેન્ટ દે પોલના સભ્યગણ, મહિલા મંડળ, આર.સી. મિશન શાળાના ગુરુજનો, બાળકો અને ધર્મવિભાગના ધર્મજનોના ઉમદા સહકારથી પુરોહિતદીક્ષાની રજતજયંતીનું પર્વ સૌને માટે સંભારણું બની રહેશે. આ રજતજયંતી, સુવર્ણજયંતીમાં રૂપાંતર પામે એ જ પ્રાર્થના અને શુભેચ્છા.

- ફ્રાન્સિસ ડાયસર્સ











**How wonderful it is to have a priest like our Lord - faithful, wise and filled with compassion. Your ministry is blessing to all.**